
# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ નવેમ્બર - ૨૦૨૫ અંક : ૧૧
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક) R.N.I No.: 6316/57



By Binaca Hitesh Shah

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

## નવેમ્બર ૨૦૨૫, પ્રત-૧૦૫૦, વર્ષ-૧૦૩, અંક-૧૧

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in


### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા–જગતપુર રોડ,

અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,

પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)

ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/–


સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.


ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

# પ્રાર્થના



પ્રભુ,
તારા અસ્તિત્વ અંગે હું સંપૂર્ણપણે અજ્ઞાન છું.
તારા હોવા કે ન હોવા પર પણ
હું સાશંક છું.
સમગ્ર બ્રહ્માંડનું સર્જન માત્ર તારા કારણે જ થયું હોય
તેવું મારી પાસે કોઈ પ્રમાણ નથી.
છતાં પણ
તને ન માનવા કરતા,
તારા અસ્તિત્વનો સ્વીકાર કરવામાં
વધુ ડહાપણ છે....
તે જ વધુ હિતકારી છે.
તારા સ્મરણમાં,
તારા પ્રતીકના
સાનિધ્યમાં એક અજબ પ્રકારની શાંતિનો અનુભવ થાય છે.
આંખ બંધ કરીને જ્યારે તારું ધ્યાન કરું છું ત્યારે હળવો ફૂલ થઈ જાઉં છું.
એટલે જ હૃદયમાં ઊંડે ઊંડેથી પણ તારા અસ્તિત્વનો સ્વીકાર કરું છું.
તારા ન હોવાની શંકાને નિર્મૂળ કરવાનો પ્રયત્ન કરું છું.
પ્રભુ,
તારા હોવાપણાની, મારી માન્યતામાં તિરાડ ન પડે,
મારી માન્યતા વધુ ને વધુ દૃઢ બને તેવી,
મને શક્તિ આપ...

– સુનિલભાઈ પી. શાહ
મહેસાણા
મો. ૯૯૭૯૯૨૮૮૯૯

## સ્વીકાર.... સૌરભના સ્વરેથી...



સ્વીકારી અવિરત સમસ્યાઓની અવ્યવસ્થા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી અપૂર્ણ અપેક્ષાઓની અવસ્થા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી અજવાળા પછીના અંધકારની અવદશા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી સમયની સક્ષમતા અને સાર્થકતા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી કુદરતની કરુણતા અને ક્રૂરતા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી સ્વયંની અપરિપૂર્ણતા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી સ્વજન સાથે મનભેદની વેદના;
ચાલ માણીયે જિંદગીની મિજબાની.

સ્વીકારી વર્તમાન પ્રગતિની ગતિ;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી ભૂલ અવગણીયે અદેખાઈ;
ચાલ માણીયે જિંદગીની મિજબાની,

સ્વીકારી આયુષ્યની અવધિની અનિશ્ચિતતા;
ચાલ માણીયે જિંદગીની મિજબાની.

**- સી.એ. સૌરભ શાહ,**
**મો. ૯૮૯૮૩ ૯૫૦૬૦**

## શોમ્પોલની સવાર




શોમ્પોલના જંગલમાં સવાર ઊગી આવી,
પાંદડાં પર હિમનાં મણકા ઝળહળે
પક્ષીઓની રાગણી મીઠી મનમાં વીંધી જાય,
પ્રભાતના પવનમાં આનંદનું સંગીત વાગી જાય ।

શોમ્પોલની હવા આજે કેટલી મસ્ત લાગે,
શીતળતાના ઝોકા દિલને જાણે નચાવી નાખે
ફૂલોની સુગંધ મનને નવો રંગ આપે,
પ્રકૃતિએ આજે જાણે પ્રેમનું આલિંગન આપ્યું ।

તડકો હજી અડધો ઊગ્યો છે, છાયા હજી ટાઢી,
બેસી સાંભળું કલરવ – કવિતા ખુદે લખી સાદી ।
આ સવાર કહે – "શાંતિ અહીં છે દરેક પળમાં,
મન પણ સ્મિતે ખીલી ઊઠ્યું શોમ્પોલ માં.

– વ્રજેશ પરીખ, અમદાવાદ
મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨

## ખુદ્દારી




હો મુસિબત મોટી પ્હાડ, જોઈ લઈશું,
એને કરીશું કંકર દૈ 'ત્રાડ, ને ધોઈ પીશું ! ૦૧
ખફાં થૈ' ટાળશું એને હટ્ટ, ને તોડી દઈશું,
ફંગોળી ફેંકી દઈશું ફટ્ટ, ને ફોડી દે'શું ! ૦૨
આફતનો અંજામ પટાપટ્ટ, આણી દે'શું,
બહુ રંજાડ તમામ ઝટ્ટ ખદેડી દઈશું ! ૦૩
સંકટ સૌ સરેઆમ સટ્ટ, ને સફા કરીશું,
ખોફ છો હો ખુંખાર, ખેલી દફા કરીશું ! ૦૪

– કમલ ક. શાહ

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# ભીની ગઝલ



લાગણી તરબોળ થઈ, ઝરતી રહે ભીની ગઝલ;
વેદના ઘુંટાઈને, સરતી રહે ભીની ગઝલ ! (૧)

આંખમાં શમણાં ભરીને આભલે ઊડ્યા કરું;
દિલદાર થઈ ગોલમૉ'રમાં, ગમતી રહે ભીની ગઝલ !(૨)

હાલેદિલ લઈ શ્વાસના સંબંધમાં ઘૂમ્યા કરું;
રસરૂપ થઈ ધબકારમાં, ઝમતી રહે ભીની ગઝલ ! (૩)

મન્ન–મોતી સેર ગૂંથી ને ધરી શ્રીકંઠમાં;
ઉલ્લાસમય સૂરાવરી, લખતી રહે ભીની ગઝલ ! (૪)

ભાવનાના છોડ મેં રોપ્યાં હશે રણરેતમાં;
મૃગજળે મ્હોરી ઊઠે, તરતી રહે ભીની ગઝલ ! (૫)

કોઈ બેસી ધડકનોની નાવમાં ફરતી રહી;
લહેરાઈ ગઈ બસ રૂહમાં, રમતી રહે ભીની ગઝલ ! (૬)

**- ઉપેન્દ્ર શેઠ (શંકુત)**



# નવા જમાનાનું વ્યંગાત્મક કાવ્ય



નવો જમાનો નવો દોર, નવી પેઢી નવી ખોજ,
જુવાનિયા ઓ હાંકે ગાડાં, બુઢ્ઢાઓ તો કરે મોજ.

નવી પેઢી શાળાએ જાય, જ્ઞાન વગરના ભણતર થાય,
શિક્ષક વળગે મોબાઈલે, બાળકો બાંકડે ઊંઘી જાય.

નવા જમાનાની મમ્મીઓ, કીટી, કલબને પર્ટીએ જાય,
ટૂંકા વસ્ત્રો ધારણ કરી, સહુની આંખોમાં અંજાય.

ઘરનો મોભી કરે મજૂરી, બિલો ટેક્ષ ને ફીઓ ભરી,
જાત ને નીચોવી ને કેમે કરી જીવન ગાડું હાંકી જાય.

આજ કાલ બૈરાંઓ ફેશન કરી ફુલાઈ જાય,
રસોડાં ને નેવે મૂકી પિત્ઝા, પાસ્તા, બર્ગર ખાય.


તહેવાર ઉત્સવે દેખાડાં વધ્યા, ભક્તિમાં તો દંભ વધ્યા,
સોના ચાંદી મોંઘા થાય, ને વળી મોંઘવારી ના ગીતો ગવાય.

બોલીવુડ, ટેલીવુડ, હોલીવુડ, નેતાઓ ને ઉદ્યોગપતિ, પાપ ધોવા પ્રયાગે જાય,
ગંગાજીમાં ડૂબકી લગાવી, સહુને મોક્ષે જવાનો સંતોષ થાય.

શ્રદ્ધા વધી, ભક્તિ વધી, ભજનો કર્યા, સત્સંગ કર્યા,
મારું તારું કરી વેરઝેર વધ્યા, ના રહી એકબીજા માટે પ્રીત,
આ જ છે નવા જમાનાની રીત.

**- પ્રવિણાબેન દિપકભાઇ દલાલ,**
**મુંબઈ**
**મો. ૮૩૬૯૬ ૮૧૮૩૨**

## અમારો સમય, તમારો સમય : એક પેઢી, બીજી પેઢી....



ફ્રાન્સ, શ્રીલંકા, નેપાળ, માડાગાસ્કર, પેરુ, કેન્યા, ચીલી, બાંગ્લાદેશ, મોરાક્કો, બોલિવિયા, બોત્સવાના – આ દેશોમાં શું સામ્ય છે ? આ દેશોને 'જેન – ઝી' આંદોલને હચમચાવી દીધા છે. નવી પેઢી–યુવા પેઢી પોતાની સરકાર સામે અન્યાય, બેરોજગારી, ભ્રષ્ટાચાર, અનીતિ, આર્થિક અસમાનતા, મોંઘવારી, રાજકીય સગાવાદ જેવા મુદ્દાઓ પર સોશ્યલ મીડિયાથી માંડીને શહેરના રસ્તા પર ઉતરી. પ્રચંડ આક્રોશને કારણે પરિવર્તનનો પવન ફૂંકાવા લાગ્યો છે. ઘણા દેશોમાં સરકાર ઉથલી ગઈ. યુવા પેઢીનો આક્રોશ ફાટીને ધૂમાડે ગયો છે.

'જેન – ઝી' આજકાલ મીડિયાનો પ્રિય શબ્દ બની ગયો છે. જેન–ઝી, મિલેનીયલ્સ, જનરેશન–એક્સ, બેબી બૂમર્સ શું છે આ બધું ? મીડિયા એનાલિસ્ટો, માર્કેટીંગ ગુરુઓ અને સમાજ શાસ્ત્રીઓએ જુદી જુદી પેઢીઓને આવા નામ આપી દીધા છે. પણ તેનો અર્થ શું થાય છે ? આવો, વિસ્તારથી જાણીએ.

**લોસ્ટ જનરેશન** (૧૮૮૩ થી ૧૯૦૦ની સાલ દરમ્યાન જન્મેલા અને હાલ લગભગ સમાપ્ત થયેલી પેઢી), **ધ ગ્રેટેસ્ટ જનરેશન** (૧૯૦૧ થી ૧૯૨૭ દરમ્યાન જન્મેલા વડીલોની પેઢી) અને **સાયલન્ટ જનરેશન** (૧૯૨૮ થી ૧૯૪૫ દરમ્યાન જન્મેલ સીનીયરોની પેઢી) પછી હવે આજની પેઢી આવે છે.

**બૂમર્સ** : ૧૯૪૬ થી ૧૯૬૪ દરમ્યાન જન્મેલા લોકો જેમની ઉંમર આજે ૬૧ થી ૭૯ વર્ષની છે. આ પેઢીનો જન્મ આઝાદી દરમ્યાન કે તે પછી થયો છે. બીજા વિશ્વયુદ્ધ બાદ આખા વિશ્વમાં જન્મદર ખૂબ જ વધ્યો એટલે કે આ પેઢી મોટી સંખ્યામાં જન્મી એટલે તે 'બેબી બૂમર્સ' તરીકે ઓળખાય છે. આ ૧૯ વર્ષના ગાળામાં માત્ર US માં જ ૭૬ મિલિયન બાળકો જન્મ્યા હતા. ઇતિહાસની આ સૌથી નસીબદાર પેઢી છે. પહેલાના લોકો જે સ્વપ્ન જોતા હતા તે તેમણે સાકાર થયેલા નિહાળ્યા છે. આ એવી પેઢી છે જેને માટે સરકારી નોકરી શ્રેષ્ઠ હતી.

તેઓ માટે ડૉક્ટર અને એન્જિનિયર આ બે જ ડિગ્રીઓનું મૂલ્ય હતું. તેઓ માટે વાહન હતું સાયકલ, સ્કૂટર ખાસ નજરે પડતા ન હતા. ક્યારેક સ્કૂટરને ત્રાંસુ કરીને કીક મારીને ચાલુ કરતા હતા. આજે તેઓ હોંશિયાર થઈ ગયા છે. વોટ્સઅપમાં ગુડમોર્નિંગ અને જયશ્રીકૃષ્ણના મેસેજ મોકલતા તેમને આવડી ગયું છે. તેઓ યુ ટ્યુબ અને રીલ્સ જુએ છે પણ તેમને UPI પેમેન્ટ અને QR કોડ અંગે હજી મૂંઝવણ છે. આશ્ચર્યજનક રીતે, સોશ્યલ મીડિયા પર તેઓ વધુ સમય વીતાવવા લાગ્યા છે. ઈન્સ્ટાગ્રામ રીલ્સમાં બેબી બૂમર્સની મજાક ઉડાવાય છે પરંતુ સાચા અર્થમાં આ મહેનતુ પેઢી છે. જેણે દેશને એક નવો આકાર આપ્યો છે. ભારતીય અર્થતંત્રને વેગ આપવામાં આ પેઢી મોખરે છે. વળી કુટુંબને સમૃદ્ધ બનાવવાનો પાયો તેણે નાંખ્યો છે. ટેકનોલૉજી તેમના જીવનમાં બહુ મોડી આવી તેનો વસવસો છે. આ પેઢીના લગભગ બધાં જ દાદા દાદી બની ગયાં છે. રીટાયરમેન્ટ માટે હજી તેમને અવઢવ છે. ૧૦માંથી ૪ વ્યક્તિ હજુ કામ કરી રહ્યા છે. તેઓમાં સામાજિક બદલાવ આવી રહ્યો છે અને Tech savvy થઈ રહ્યા છે. આ લોકો Risk taker છે. તેને કારણે અતિ સમૃદ્ધ બની શક્યા છે. આ પેઢી સેન્ડવીચ જનરેશન બની ગઈ છે. એમનું ફેવરીટ વાક્ય - કેમ ભાઈ, પૈસા ઝાડ પર ઉગે છે ? આ લખનાર આ પેઢીના પ્રતિનિધિ છે.

**જનરેશન X :** ૧૯૬૫ થી ૧૯૮૦ વચ્ચે જન્મેલી પેઢીના લોકો આજે ૪૫ થી ૬૦ની ઉંમરના છે. તેઓ જનરેશન X તરીકે ઓળખાય છે. તેમની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમણે જૂના મૂલ્યોને અવગણીને વ્યક્તિગત ઓળખ ઉભી કરી છે. આ પેઢીના લોકો સાસુ-સસરા બની ગયા છે અથવા બનવાની તૈયારીમાં છે. તેઓ બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. સામે બેસી જતા હતા અને દૂરદર્શન પર ચિત્રહાર જોઈને ખુશ થઈ જતા હતા. 'હમલોગ' તેમની ફેવરીટ સીરીયલ હતી. તેમણે રાજેશખન્નાનો તેજ સિતારો અને અમિતાભ બચ્ચનનો ઉદય જોયો છે.

આ પેઢી કાગળો લખતી અને ટપાલના કવર પરથી કાળજીપૂર્વક ટિકિટો કાપીને રાખતી. ચલણી સિક્કા (coin) ભેગા કરવાનો તેને શોખ હતો અને મેગેઝીનો કે છાપામાંથી ગમતા લેખો કાપી રાખતા. ૧૯૯૧માં ઉદારીકરણનો પવન

ફૂંકાયો ત્યારે સૌ પ્રથમ તેનો લાભ આ પેઢીને મળ્યો. તેઓ શ્વેત શ્યામમાંથી રંગીન ટેલિવિઝન તરફ વળ્યા અને પછી સેટેલાઈટ ચેનલોનો રાફડો ફાટ્યો. MTV ચેનલ જોઈને વટથી કહેતા – બોલો, ટીવીમાં ચોવીસ કલાક જોવાનું આવે છે.

અત્યારે તેઓ ઓફિસમાં સીનીયર છે. અથવા ખુદ બોસ છે પણ આ પેઢીને પ્રિન્ટઆઉટ કાઢયા વગર ચાલતું નથી. ડીજીટલ સ્ટોર હજુ તેને ફાવતું નથી. વૃદ્ધ માતા–પિતા અને યુવાન સંતાનો–આ બે વચ્ચે બેલેન્સ કરવું તેમને અઘરું લાગે છે.

પહેલી વાર બેવડી આવક ધરાવતાં પરિવારો આ પેઢીમાં આવ્યા. કૌટુંબિક જીવનમાં ધ્યાન ઓછું આપવામાં આવ્યું, પરિણામે ડીવોર્સનો દર વધ્યો છે. આ કડવી વાસ્તવિકતા છે. જો કે તેમણે અસ્થિર આવક અને આર્થિક ઉથલપાથલનો સમય જોયો છે.

તેમને હજુ ફિક્સ ડિપોઝીટમાં રસ છે. શેરબજારમાં ઈન્વેસ્ટ કરવાનો રસ હમણાં હમણાં જાગ્યો છે. પણ નવી પેઢી crypto (ક્રિપ્ટો) સુધી પહોંચી ગઈ છે એ ઘર્ષણ જીવનમાં ચાલુ છે. તેમણે વીસમી સદી માણી છે અને એકવીસમી સદી ભરપૂર માણી રહ્યા છે. આ પેઢી સ્માર્ટ ફોન પર આધારિત ન હતી. તેઓ email અને Text મેસેજથી સંતોષ માનતા. કમ્પ્યૂટર સૌ પ્રથમ તેમની પેઢીમાં આવ્યા. તેમણે ટેકનોલોજીને આગળ વધતા જોઈ છે, મીડિયાનો ઉદય તેમણે નિહાળ્યો છે. જો કે ઈન્ટરનેટ આવ્યું તે પહેલા તેઓ યુવાન બની ગયા હતા. તેમને Artificial Intelligence કે ચેટ માં ખાસ સમજ પડતી નથી. આ પેઢી સૌથી વધુ તનાવગ્રસ્ત પેઢી છે.

**મિલેનિયલ્સ (જનરેશન Y)** : ૧૯૮૧ થી ૧૯૯૬ દરમ્યાન જન્મેલી આ પેઢી અત્યારે ૨૯ થી ૪૪ વર્ષની છે. તેણે પોતાના જીવનમાં ભારે પરિવર્તનો જોયા છે. નવા મિલેનિયલ્સમાં (૨૦૦૦)માં તેઓ એડલ્ટ બની ગયા હતા. આ પેઢી જૂના અને નવા બંને વિચારો ધરાવે છે. EMI નીચે ચગદાઈ ગયેલી આ પેઢી છે. ઘર, કાર, આઈફોન, મોંઘી ચીજવસ્તુઓ EMI પર ચાલે છે. તેને પેશન ફોલો કરવાના અભરખા છે. પણ બિચારા કરી શકતા નથી.

તેને ચિક્કાર કમાવવું છે. એ માટે જાતજાતના રસ્તા શોધે છે અને પછી Early Retirement લઈને જીવન માણવાની ઇચ્છા પણ છે. આ પેઢી વ્યાવહારિક છે અને સમય સાથે અનુકૂલન સાધનારી છે. તેને દુનિયા બદલવી છે.

ઘરમાં માતા-પિતા 'સ્થિરતા'ની બૂમો પાડતા રહે છે. આ લોકો કોર્પોરેટ ગુલામી કરી રહ્યા છે. ઘેરથી નીકળવાનો સમય નિશ્ચિત છે પણ ઘેર પરત ફરવાનો સમય અનિશ્ચિત છે. મિત્રો વીકએન્ડમાં ભેગા થાય ત્યારે સ્ટાર્ટઅપના ભવ્ય પ્લાનીંગ કરે છે. પણ સોમવારે સવારે ડાહ્યાડમરા થઈને ઓફિસે પહોંચી જાય છે. આ પેઢી સૌથી મોડા લગ્ન કરે છે. લગ્ન કરવાની તેને ઉતાવળ નથી અને લગ્ન કરે તો બાળકો તેમની પ્રાયોરીટી નથી. કેરિયર તેમના માટે મહત્વની છે. તેમના ઘણા મિત્રોએ હજુ લગ્ન કર્યા નથી. તેથી તેમને નિરાંત છે. જો કે આમનું બાળપણ સંસ્કૃતિ અને મૂલ્યો હેઠળ વીત્યું છે. કારણ કે તેમના માતા-પિતા 'જૂના' જમાનાના છે. ડીવોર્સનો દર સૌથી ઓછો આ પેઢીમાં છે. આ પેઢી કદાચ સૌથી વધુ શિક્ષિત છે અને રોજિંદા જીવનમાં પણ ડીજીટલ ટેકનોલૉજીનો સમાવેશ કરી લીધો છે. આ પેઢી તેમના માતા-પિતા માટે 'એડવાન્સ' છે અને બાળકો માટે 'Old school' છે.

**જનરેશન** Z : ૧૯૯૭ થી ૨૦૧૨ દરમ્યાન જન્મેલી આજની તારીખે ૧૩ થી ૨૮ વર્ષની જોશીલી પેઢી છે. પોતાને જેન-ઝી કહેવડાવવામાં આનંદ અનુભવે છે. Gen Z નો અર્થ થાય છે - ઝૂમર (Zoomer) કારણ કે આ પહેલી પેઢી છે જે ઈન્ટરનેટને ઝૂમ કરવા માટે જાણીતી છે. દુનિયાભરમાં થઈ રહેલી ક્રાંતિના પાયામાં આ પેઢી છે, તે igeneration કે Digital Native તરીકે પણ ઓળખાય છે. આ પેઢી દુનિયામાં Fastest growing છે. હાલની વિશ્વની ચોથા ભાગની વસતી Gen Z છે. આ પેઢી unpredictable છે. તેનુ મન કળવુ મુશ્કેલ છે. તે 'સૈયારા' જોઈને આતંક મચાવી શકે છે. બોલીવુડની ફિલ્મોને હીટ કરવી કે ફલોપ તે તેના હાથમાં છે. આ પેઢી wifi, ગુગલ અને સોશ્યલ મીડિયાના યુગમાં જન્મી છે. તેને હિલ સ્ટેશનનો આનંદ લેવાને બદલે તેના ફોટા પાડવામાં રસ છે અને તરત જ ઈન્સ્ટાગ્રામ પર મૂકી દેવા છે. તેને લાઈક અને શેરમાં રસ છે તેને ઈન્ફલ્યુએન્સર બનવું છે. રેસ્ટોરામાં જમવા કરતાં ડીશના ફોટા પાડવામાં

વધુ રસ ધરાવે છે. તે Fomo (Fear of Missing out)થી પીડાય છે. પોતે હોય તેના કરતાં વધુ સારા બતાવવામાં તેને રસ છે.

બિચારા, ઓફિસમાં શુક્રવાર આવતા સુધીમાં તો સ્ટ્રેસમય બની જાય છે. રવિવારની સાંજે તે પોતાના ઘેર જમતો નથી. એસ.જી. રોડ પર હેન્ગ આઉટમાં વ્યસ્ત થઈ જાય છે. ઈન્ફોસીસના નારાયણમૂર્તિની વીકના ૭૦ કલાકના કામ કરવાની વાત તેને સમજાતી નથી. અને ઉપરથી પપ્પા કહેતા રહે છે – 'અમારી યુવાનીમાં અમે પંદર કલાક કામ કરતા હતાં' સાંભળીને મૂર્છિત થઈને ઢળી પડે છે. આ પેઢી નોકરીની અનિશ્ચિતતા, વધતો ફુગાવો નાણાંકીય અસ્થિરતાથી પરેશાન છે. તેમના પપ્પાઓ ખિસ્સામાં રાજીનામું લઈને ફરતા હતા જ્યારે આ પેઢી રાજીનામું લખવાની તસ્દી પણ લેતી નથી. નોકરી નથી કરવી એટલે ઓફિસમાં સોમવારથી જવાનું બંધ. ઓફિસના ફોન બ્લોક કરી દેવાના. થોડો સમય આરામ કરી નવી નોકરી શોધવા લાગી જવાનું. Gen Z ને હવે જોબ કે બિઝનેસમાં રસ નથી. તેને સ્ટાર્ટઅપ શરૂ કરીને એન્ટરપ્રિન્યોર બનવું છે. તેને સોશ્યલ મીડિયામાં ચિક્કાર ફોલોઅર્સ જોઈએ છે અને તેને સામાજિક પ્રતિષ્ઠાનો પ્રશ્ન ગણે છે.

તેની પાસે મર્યાદિત વ્યાવસાયિક અનુભવ છે પણ તેની વિવેચનાત્મક વિચારસરણી ગજબની છે. નાની ઉંમરથી તેણે વિવિધ દૃષ્ટિકોણ નિહાળ્યા છે. તેઓ ઇચ્છે છે કે અમારા માતાપિતા પોતાની પસંદગી કરવા માટે વધુ સ્વતંત્રતા આપે. આ પેઢીમાં ઘણા લોકો લગ્ન ન કરવાનું કે બાળકો ન રાખવાનું વિચારી રહ્યા છે. સોશ્યલ મીડિયાથી જ તેનું જીવન શરૂ થયું છે. ટ્રોલ્સ અને સાયબર બુલિંગ તેણે જોયું છે. આ પેઢીમાં કલાઈમેટ અને સાયબર ક્રાઈમની ચર્ચા જોવા મળે છે. Gen Z ના આગમન પછી ટ્રેન્ડિંગ, વાઈબ્સ અને Slang પ્રચલિત થયા છે.

તેઓ Iphone (2007)ના જમાનામાં મોટા થયા છે. તેઓ પોતાની ડ્રીમ જોબ શોધવા પર વધુ ભાર આપે છે. તેને ટ્રાવેલમાં રસ છે પણ Covid 19 તેના જીવનમાં વણાઈ ગયું છે.

**જનરેશન–આલ્ફા –** : ૨૦૧૩ પછી જન્મેલ બાળકો અને કિશોરો જનરેશન આલ્ફા છે. ઈન્ટરનેટ અને વાઈફાઈ વગરની પૃથ્વી કેવી હોય તેની તેને કલ્પના નથી. આ એક એવી પેઢી છે જે ચાલતા પછી શીખે છે પણ મોબાઈલ સ્ક્રોલ કરતા પહેલા આવડે છે. આ પેઢીને કંટાળો નથી કારણ કે મોબાઈલમાં મનોરંજનનો વરસાદ વરસી રહ્યો છે. આ AI જનરેશન છે. Virtual Reality ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ, ટિકટોક, રીમોટ ક્લાસરૂમ, ટેબ્લેટ અને સ્ટ્રીમીંગ–તેણે બાળપણથી જ જોયું છે. આ પેઢીએ છાપું જોયું નથી. તેને તે દાદાજીના જમાનાની વસ્તુ ગણે છે. છાપું વાંચતો માણસ તેને out of date લાગે છે. તેઓ હજુ બાળક હોવાથી માતા પિતાના પ્રભાવમાં છે. તેના મમ્મી ડેડી બિચારા કન્ફ્યુઝ મિલેનીયલ્સ છે. બાળકો હાઈપર એક્ટીવ છે, તેની મમ્મી ડેડીને ચિંતા થાય છે. ઘરમાં મહેમાન આવે ત્યારે તે પોતાના રૂમમાં ભરાઈને મોબાઈલ પર વીડિયો જોવામાં વ્યસ્ત હોય છે. સામાજિક સંબંધોમાં તેને રસ નથી. પણ આ પેઢી દાદાને મોબાઈલ એપ પરથી ઉબેરની ટેક્સી બોલાવતા શીખવે છે, બુક માય શો પરથી ફિલ્મની ટિકિટ બુક કરવાનું શીખવે છે. રેસ્ટોરામાં ટેબલ બુક કરાવવાની આવડત તેનામાં છે. આ પેઢી જિદ્દી છે. તેને પોતાની જિદ્દ પૂરી કરતાં આવડે છે. આ પેઢી હોંશિયાર છે.

માનવીય ઇતિહાસ જુદા જુદા સમયે જન્મેલી પેઢીઓને વિભાજીત કરે છે. દરેક પેઢીને પોતાના વિચારો છે. ટેકનોલૉજીનો ઉપયોગ લાઈફસ્ટાઈલ, સામાજિક મૂલ્યો અને ધ્યેય અલગ અલગ હોય છે. અહીં એક વાત ખાસ નોંધવાની કે માણસમાં એક કરતાં વધારે પેઢીઓના લક્ષણોનું કોમ્બીનેશન હોઈ શકે છે. અમુક માણસ આગળની પેઢીમાં નીકળી જાય છે અને કોઈક પાછળની પેઢીમાં રહી જાય છે.

હવે પછીની પેઢી જનરેશન–બીટા (2025-2039) કેવી હશે તે તો સમય કહેશે.

**- હિમાંશુ શાહ, અમદાવાદ,**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

# વાયુ દેવમૂર્તિ વાહન અને શિલ્પસિદ્ધાંત



શિલ્પ ગ્રન્થોમાં દેવતામૂર્તિના સ્વરૂપ દર્શનમાં સાથે સાથે તેઓના વાહનનું વર્ણન પણ છે. વાહનનું મહત્વ અનેરૂ છે. જે પ્રગાઢ-ગૂઢ અને રહસ્યને ઉજાગર કરનારું છે. પ્રાચીન શિલ્પગ્રન્થો વર્તમાન સમયે ઉપલબ્ધ છે. જે સંસ્કૃતમાં છંદોબદ્ધ કાવ્યમય છે. તે અંતર્ગત વિપ્રગ્રન્થો અને જૈન ગ્રન્થોની વિશાળ હસ્ત લિખિત પ્રતો પ્રાપ્ત છે. આ સિવાય અન્ય ધર્મ કે સંપ્રદાયોની શિલ્પ ગ્રન્થો વિષયકની પ્રાચીન માહિતી ઉપલબ્ધ નથી.

શ્રી વાયુદેવતાજી એ વાયડા જ્ઞાતિના કૂળદેવતા છે. જેમનાં સ્વતંત્ર મંદિરો મૂળનાયક તરીકે ગુજરાતમાં છે. તે સર્વમાં દેવમૂર્તિમાં સ્વતંત્ર વાહનની રચના પણ છે. જેથી વાહન પણ અતિ મહત્વતા ધરાવે છે.



**વિપ્રશિલ્પગ્રન્થ**

"શિલ્પગ્રન્થો અંતર્ગત વિપ્રગ્રન્થોમાં વાયુદેવતાજી અને વાહનની નોંધ મળે છે" તેની ચર્ચા સિદ્ધાંત સ્વરૂપથી વિચારીયે તો શ્રી વાયુદેવતાજીનું વાહન મૃગ છે તેમ સ્પષ્ટ લખવામાં આવ્યું છે. તે અંતર્ગત પશ્ચિમ ભારતના સૂત્રધાર મંડન દ્વારા જે પાઠ તૈયાર કર્યા છે તે જોઈએ તો,

૧) મૃગારુઢો હરિઈણ : પવનો વાયુદિપકતિ ॥ (રૂપમંડન ૨/૩૬)

૨) મૃગારૂઢં પ્રકર્તવ્યં વાયુદેવંમરૂદિશિ ॥ (દેવતામૂર્તિ પ્રકરણ ૪/૬૪)

અહીં વિપ્રગ્રન્થો સ્પષ્ટ લખે છે કે વાયુદેવતાજી મૃગ ઉપર આરૂઢ થયેલા છે. આસન ગ્રહણ કર્યું છે બેઠેલા છે જુઓ મૃગ શબ્દને ઊજાગર કરવામાં આવ્યું છે અને મૃગ ઉપર સવારી કરી રહ્યા છે. આ રીતે સુસ્પષ્ટતયા બ્રાહ્મણ ગ્રન્થ

જણાવે છે.

વિપ્રમૃગારૂઢમ શ્રી વાયુદેવતાજી ચિત્ર "શ્રી વાયુદેવ" લેખક કમલ ક શાહ દ્વારા ઓક્ટોબર, ૨૦૧૦માં વડોદરાથી પ્રસિદ્ધ થયું હતું. તેમાં મુખ્યપૃષ્ઠ અને અંતિમ પૃષ્ઠમા પ્રાપ્ત છે. પરંતુ આ રીતેનું સ્વરૂપ ગુજરાતમાં શ્રી વાયુદેવતાજીનાં મૂળનાયક તરીકેના સ્વતંત્ર મંદિરમાં નથી અર્થાત મૃગ ઉપર સવારી કરતાં બ્રાહ્મણ ગ્રન્થોમાં દર્શાવેલ મૂર્તિનું સ્વરૂપ વર્તમાન સ્વરૂપે અમદાવાદ, મુંબઈ, કચ્છ, રાધનપુર, પાટણ, સુરત, ભરૂચ, વડોદરામાં નથી તથા કડીમાં પણ નથી. વિશ્લેષણાત્મકતા વિપ્ર મૃગારूઢમ શ્રી વાયુદેવતાજીનું વર્ણન ચિત્રોની ભિન્નતાથી જોતાં તે અંતર્ગત

(૧) શ્રી વાયુદેવતાજી જાણે અશ્વ ઉપર સવારી કરતાં હોય તે રીતે આસન ઉપર સ્થિરતાયુક્ત જોવા મળે છે.

(૨) આ પદ્ધતિમાં શ્રી વાયુદેવતાજીનાં ચાર હાથ અથવા બે હાથ છે તે રીતે બે પ્રકારથી દૃષ્ટિ ગોચર છે.

(૩) આ પ્રકારે જોતાં આયુધોનાં પ્રકારોમાં પણ ભિન્નતા જોવા મળે છે.

(૪) આ ઉપરાંત મૃગનું શિર્ષ દક્ષિણ દિશાએ છે અથવા મૃગશિર્ષ વામ દિશામાં છે આ રીતે પણ ચિત્રજી બે પ્રકારથી જોવા મળે છે. પરંતુ નજર સમક્ષ–સામેની દિશામાં નથી.



(૫) આ ઉપરાંત એક અલગતાથી મૃગ ઉપર આરૂઢ શ્રી વાયુદેવતાજી અશ્વસવારીની પદ્ધતિથી નહી પરંતુ નજર સમક્ષ સામેની એક દિશામાં સ્થિતપ્રજ્ઞતાથી આરૂઢ થયેલા અને તેઓનો એક પગ પલાઠીવાળી સ્થિતિમાં અને બીજો પગ લટકતો છે. તે પ્રકારે ચિત્રજી પ્રાપ્ત છે તેમાં પણ ચાર હાથ – બે હાથ – આયુધોનિ ભિન્નતા પણ જોવા મળે છે. પરંતુ આવા ચિત્રજી વિષયક વિશેષ માહિતી ઉપલબ્ધ નથી.

જ્ઞાનવૃદ્ધ–વયોવૃદ્ધ "શ્રી અશોકભાઈ પરીખ

(પાટણ)" સાથે રૂબરૂ ચર્ચા દરમ્યાન ડીસા, વડનગર અને શામળાજીદેવની મોરીમાં પણ વાયુદેવતાજીનાં સ્વતંત્ર મંદિર હતાં. તેમ જણાવ્યું છે પરંતુ હાલ તેનો ઇતિહાસ પ્રાપ્ત નથી. તેથી મૃગારૂઢમ્ શ્રી વાયુદેવતાજી વિષયક મૂર્તિ સ્વરૂપ પ્રાપ્ત નથી પરંતુ સંશોધનાત્મક છે. પાટણના શ્રી અશોકભાઈ પરીખ પાસે શ્રુતપરંપરા વિષયક આ વિષયનું ગૂઢજ્ઞાન છે વાસ્તવમાં તેઓશ્રી વિદ્યાવાન છે. જ્ઞાનને પચાવનાર સંન્નિષ્ઠ જ્ઞાતા છે તેને પ્રકાશિત કરાવવું અત્યંત જરૂરી છે કારણકે તેમના ભાથામાં જ્ઞાનનો ભંડાર ભર્યો પર્યો છે.

## જૈનશિલ્પગ્રન્થ

વિપ્રશિલ્પગ્રન્થ પછી જૈન શિલ્પગ્રન્થ વિષયક માહિતી જોઈએ તો શ્રી વાયુદેવતાજી ના વાહનની નોંધ પણ પ્રાપ્ત છે. તે અંદર્ગત જોઈએ.

(૧) ૐ નમઃ શ્રી વાયવે, વાયવીપતયે વાયવ્યદિગ્ધીશાય, ધૂમ્રરાંગાય, રક્તામ્બરાય ચતુર્હસ્તાય, હરિણવાહનાય ધ્વજપ્રહરણાય.....(આધાર દિનકર)

(૨) વાયુસિતવર્ણ, હરિણોવાહનયસ્ય વજાંગકૃતપાણિ... (નિર્વાણકલિકા)

જૈનગ્રન્થો સ્પષ્ટ લખે છે કે શ્રી વાયુદેવતાજીનું વાહન હરિણ છે. આરૂઢ નથી. હરિણ ઉપર સવારી કરી રહ્યા નથી. કારણ કે જીવદયા, અહિંસાનો પ્રભાવ દેવતાજીનાં સ્વરૂપમાં અને વાહનમાં પણ દેખાઈ આવે છે.

હરિણાવાહન બાબતે તેનું સ્થાન શ્રી વાયુદેવતાજીનાં સ્વરૂપમાં કયા સ્થળે હોવું જોઈએ ? આ વિષયમાં કુલ ત્રણ પદ્ધતિ મૂર્તિ સ્વરૂપમાં મળી આવે છે અને તે પ્રમાણે જ શ્રી કુળદેવતાજી વાયુદેવતાજીનાં ગુજરાતમાં મૂળ નાયક તરીકેના સ્વતંત્ર મંદિરોમાં આજે પણ પ્રાપ્ત છે. જે જૈન શિલ્પગ્રન્થના આધારે છે તેમ સ્પષ્ટ છે. જે અંતર્ગત (૧) શ્રી વાયુદેવતાજી મૂર્તિમાં દક્ષિણપાદ સમીપ (૨) વામપાદ સમીપ (૩) મૂર્તિજીના પશ્ચાત પાછળના સ્થલે તે ભાગમાં વાહન સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત હરિણવાહનનું શિર્ષ વામદિશા, દક્ષિણદિશા તથા નજર સમક્ષ સામેની દિશામાં છે આ રીતે ભિન્નતા પણ પ્રાપ્ત છે.

(૧) "મૂર્તિજીના પાછળના સ્થલે હરિણવાહન છે તેવાં મંદિરમાં"

**૧) ભરૂચ** : સંવત ૧૫૧૦માં મૂર્તિજીની રચના છે. કસોટીનાં કિંમતી (શિલા) દ્વારા રચના સ્થાપના છે. અહીં હરિણ વાહનનું શિર્ષ દક્ષિણ દિશામાં

છે.

૨) **વડોદરા** : સફેદ આરસ સમાન શિલા મૂર્તિ છે ? પરંતુ તેની રચના ક્યારે થઈ છે ? તેનો ઉત્તર નથી. પરંતુ મૂર્તિજીના પાછળના ભાગે વાહન હોવાથી તે સંવત ૧૫૦૦માં સમકાલીન હોવાની શક્યતાઓ રહેલી છે. (આજે વર્તમાન સમયે ૨૦૮૧ની સંવત સદીનો ચાલે છે.) અહીં હરિણ વાહનનું શિર્ષ દક્ષિણ દિશામાં છે.


*શ્રી વાયુદેવતાજી-વડોદરા*


*શ્રી વાયુદેવતાજી-ભરુચ*

(૨) "મૂર્તિજીના વામપાદ સમીપસ્થ સ્થલે હરિણવાહન છે. તેવાં કૂળદેવતાજી મંદિરોમાં"

(૧) રાધનપુર (૨) પાટણ (૩) સુરતની નોંધ છે પરંતુ આ ધાતુમૂર્તિ છે. જ્યારે સુરતમાં સ્વતંત્ર મંદિર નથી. તે શ્રી રામજીમંદિરમાં વાયવ્ય દિશા કોણમાં ગવાક્ષમાં રચના થયેલી છે. તેની સ્થાપનાનો ઇતિહાસ સંવત વિગેરેનો ઉત્તર નથી. અહીં હરિણ વાહનનું શિર્ષ દક્ષિણ દિશામાં છે.

(૩) "મૂર્તિજીના દક્ષિણપાદ સમીપસ્થ સ્થળે હરિણવાહન છે તેવા કુળદેવતાજીનાં મંદિરોમાં"....

(૧) અમદાવાદ (૨) મુંબઈ (સંવત ૧૯૯૮) (૩) કચ્છ આ મૂર્તિજી આરસપત્થરની છે. શીલામૂર્તિજી છે.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.



શ્રી વાયુદેવતાજી
રાધનપુર



શ્રી વાયુદેવતાજી
ભરુચ



શ્રી વાયુદેવતાજી
અમદાવાદ



શ્રી વાયુદેવતાજી
મુંબઈ



શ્રી વાયુદેવતાજી
ભુજ

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આ ઉપરાંત કડીમાં પણ શ્રી કુળદેવતાજી વાયુદેવતાજીનું સ્વતંત્ર મંદિર મૂળનાયક તરીકે છે. પરંતુ સંશોધન યોગ્ય ચિત્રજી મ્હારી પાસે નથી. જે ચિત્રજી છે તે શૃંગાર વસ્ત્રોયુક્ત છે. આ મૂર્તિજીનો સંવત ઇતિહાસ – રચના વિગેરેનો ઉત્તર નથી.

ટૂંકમાં કુલ નવ મંદિરોમાં હરિણવાહનની સ્થાપના એકલ અને સ્વતંત્ર છે જે અંતર્ગત હરિણ વાહન ઉપર વાયુદેવતાજી બિરાજમાન નથી. સવારી કરતાં નથી. આથી આ સર્વ શિલ્પ જૈન ગ્રન્થોના અનુસંધાનમાં છે તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. જૈનશિલ્પગ્રન્થાનુસાર હરિણ શબ્દ હોવાથી અને એકલ સ્વતંત્ર હોવાથી તથા ચર્તુહસ્તમાં ક્યાંય પણ અસ્ત્ર – શસ્ત્રની પણ રચના નથી આથી આ સર્વ કૂળદેવતાજી જૈન શિલ્પ અનુસંધાનમાં જ આવે છે. વિપ્રગ્રન્થોમાં મૃગશબ્દ છે. મૃગારૂઢો શબ્દ હોવાથી તેવી મૂર્તિજી જો મળી આવે તો તે વિપ્ર શિલ્પ ગ્રન્થાનુસાર હોય છે. તેમ સ્પષ્ટ છે.

મૃગ શબ્દ ઉપર વિચારીએ તો રામાયણમાં સિતાહરણ અને સુવર્ણ મૃગ (ચર્મ)નો સમન્વય ખૂબ જ વિચારવંત છે. જ્યારે જૈન રામાયણમાં આ પ્રસંગની સૂક્ષ્મતા ગુઢાર્થતા સમજવી પણ અત્યંત જરૂરી છે. આ ઉપરાંત તાંત્રિક મંત્ર સિદ્ધિ માટે ચર્મ આસનની નોંધમાં મૃગચર્મ આસનનો ઉલ્લેખ મળે છે.

અહીં મૃગ શબ્દ અગત્યનો બને છે. જ્યારે જૈન મંત્રસિદ્ધિ માટે ચર્મ આસનનો ઉલ્લેખ ક્યાંય પણ પ્રાપ્ત નથી.



*શ્રી વાયુદેવતાજી-કડી*

**વિશેષ :**

"શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી" લેખક કે. કા. શાસ્ત્રી પ્રાચ્યવિદ્યામંદિર M. S. University. ઈ.સ. ૧૯૭૭માં જણાવ્યા મુજબ શુદ્ધા દ્વૈત પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના સ્થાપકનું પ્રાકટ્ય સંવત ૧૫૨૯ તથા આસુરવ્યામોહલીલા સંવત ૧૫૮૭ સુધીનો કાર્યકાલ છે. શ્રી મહાપ્રભુજીએ વાયુ મહાપુરાણ ગ્રન્થનો અભ્યાસ કર્યો છે. તેથી તેઓ શ્રી લખી જણાવે છે કે વાયુ મહાપુરાણના વક્તા શ્રી વાયુદેવતાજી પૂર્ણભગવદીય વક્તા છે.

– **ડૉ. હેમંતકુમાર વૈદ્ય,** વડોદરા

# એક એવી જગ્યા...



આ લેખમાં હું તમને એક એવી જગ્યા વિશે જણાવીશ કે જે ખૂબ જ અદભુત કાર્ય કરી રહ્યું છે, તે નાના બાળકો અને પ્રકૃતિ પ્રેમીઓ માટેનું ખૂબ જ મજાનું સ્થળ છે.

મિત્રો તમને ક્યારે એવો સવાલ થયો છે કે કેમ દરેક ફૂલોના રંગ, આકાર અને સુગંધ અલગ હોય છે?

આપણી આસપાસ જોવા મળતા પતંગિયાના રંગો કેમ અલગ હોય છે ?

શું તમને ખબર છે પતંગિયા પણ ઝેરી અને બિનઝેરી એમ બે પ્રકારના હોય છે ?

શું તમને ખબર છે કે મધમાખી મધ કેવી રીતે બનાવે છે ?

શું તમને ખબર છે કે કેવી રીતે પક્ષીઓ હજારો માઈલ્સનું અંતર કાપીને ભારત આવે છે ?

શું તમને ખબર છે કે કેમ દરેક પક્ષીના પગ તેમની ચાંચ અને તેમના પીછાં અલગ અલગ હોય છે ?

શું તમને ખબર છે કે દિવસ દરમિયાન જેટલા પણ જીવજંતુઓ અને પક્ષીઓ અક્ટિવ હોય છે તેના કરતાં લાખો ઘણા રાત્રે પણ હોય છે ?

શું તમને ખબર છે કે જેમ પક્ષીઓનું માઈગ્રેશન થાય છે તેમ પ્રાણીઓ અને જીવજંતુઓનું પણ માઈગ્રેશન થાય છે ?

શું તમને ખબર છે કે એક એવું પણ પક્ષી છે જે પોતાના બચ્ચાઓને પાણી પીવડાવવા માટે તેની પાંખોમાં પાણી ભરીને લઈ જાય છે ?

મિત્રો, આવા તો કેટકેટલા સવાલો છે જેના જવાબ જો તમને જાણવાની

ઇચ્છા થતી હોય તો ગાંધીનગર સ્થિત NGO, સેરીનિટી ટ્રસ્ટ લાઈબ્રેરી એન્ડ બોટનિકલ ગાર્ડનની મુલાકાત લેવાનું ચૂકશો નહીં.

અહીં આખા વર્ષ દરમિયાન જુદા જુદા વિષયો ઉપર કાર્યક્રમ થતા જ રહે છે અને નાના બાળકોથી માંડીને કોઈપણ ઉંમર સુધીના લોકો આમાં ભાગ લઈ શકે છે અને એના માટે કોઈ પણ પ્રકારનો ચાર્જ ચૂકવવાનો હોતો નથી. આ લાઈબ્રેરી આશરે ૪૦ હજાર સ્કવેર મીટરના વિસ્તારમાં પથરાયેલી છે અને તેના ટ્રસ્ટી છે Mr. Firdos cambatta. અહીં ઉપર જણાવેલ સવાલોના જવાબો જે તે વિષયના એક્સપર્ટ દ્વારા ખૂબ જ સરળ ભાષામાં સમજાવવામાં આવે છે. જે બાળકો સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે, તેમના માટે તો આ જગ્યા મંદિર સમાન છે જ પણ જે મોટા છે અને કુદરતને રહસ્યોને નજીકથી સમજવા માંગે છે, જોવા માંગે છે તેમના માટે પણ આ જગ્યા ખુબ જ ઉપયોગી બની શકે એમ છે.

આ જગ્યા અને તેના વિવિધ કાર્યક્રમની માહિતી તમને google અથવા instagram પરથી મેળવી શકો છો. જો તમારા બાળકો નાના છે તો ચોક્કસથી મુલાકાત લેજો. વધુ જાણકારી માટે આપ મારો સંપર્ક કરી શકો છો.

ITS GOOD TO BE A SEEKER, BUT SOONER OR LATER YOU HAVE TO BE A FINDER.

AND THEN IT IS WELL TO GIVE WHAT YOU HAVE FOUND, A GIFT INTO THE WORLD FOR WHOEVER WILL ACCEPT IT."

JONATHAN LIVINGSTON SEAGULL

THE SERENITY TRUST LIBRARY AND BOTANICAL GRADEN A SEAT OF LEARNING DONATED BY

FIRDOS & YASMIN CAMBATTA

- મેહુલ સંજય મારફતિયા
વડોદરા,
(મો) ૯૭૨૫૦ ૦૬૧૯૩

# સંગતિ



ભાઈબંધોની ખોટી સંગત એવી લાગી કે તેમાં ડૂબતો ગયો. પપ્પા પૂછતાં, તો તેમની વાતોમાં ધ્યાન ન આપતો. એક વખત મારા પર હાથ પણ ઉગામ્યો, પણ નશાની એવી લત લાગી હતી કે મને સારા–નરસાનું ભાન ન હતું. દિવાનખંડની ખુરશી પર બેસી તેઓ મને ખૂબ સમજાવતાં પરંતુ મારા પર કોઈ અસર ન થતી.

સમય વીતતો ગયો. જ્યારે મને એવું ભાન થયું કે મેં ખોટું કર્યું છે ત્યારે મારી સાથે તેઓ જ ઊભા હતા. નશાની ખરાબ લતમાંથી તેઓ મને ધીમે ધીમે બહાર લાવ્યા. એક દિવસ તેમનાં ખોળામાં માથું મૂકીને હું ખૂબ રડ્યો. તેઓ મારા માથા પર પ્રેમથી હાથ પસવારતા રહ્યા અને એક જ વાક્ય બોલ્યા, “હવે ક્યારેય ખોટા રસ્તે ન જતો.”

તેમના અંતિમ દિવસોમાં પણ તેમની આંખોમાં મારાં માટે થતી વ્યાકુળતા જોઈ હું રડી પડતો. તેમને કહેતો, “હું હંમેશાં સાચા રસ્તે જ ચાલીશ, તમે ચિંતા ન કરો.” મૌન રહી તેઓ ઘણું કહી દેતાં, તેમની પાંપણો પણ ભીંજાઈ જતી.

આજે હું દિવાનખંડમાં તેમની ખુરશી પર બેસી, તેમની છબીને નીરખતો, મારા દીકરાની રાહ જોઈ રહ્યો છું. મોડી રાત્રે દીકરો આવ્યો. તેની સાથે ઓરડામાં પ્રવેશેલી વાસથી હું ધ્રુજી ઊઠ્યો. સામેની દીવાલે લટકાવેલી પિતાજીની છબીમાં જાણે કંઈક સળવળાટ થયો.

**- રિપલકુમાર પરીખ,**
**અમદાવાદ**
**મો. ૯૬૦૧૬ ૫૯૬૫૫**

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

# ભારતીય સંસ્કૃતિ અને શિસ્ત

યુએસએમાં રહેતા ભારતીયો અચાનક વધુને વધુ ભારતની મુલાકાત લઈ રહ્યા છે. શરૂઆતમાં એવું માનવામાં આવતું હતું કે વિદેશમાં રહેતા ભારતીયોમાં અચાનક ભારત પ્રત્યે પ્રેમ જાગી ગયો છે, પરંતુ શ્રીમતી ગોસ્વામીના કન્સલ્ટન્સી સેન્ટરની મુલાકાત લીધા પછી અમને કંઈક બીજું જ સમજાયું.

શ્રી અને શ્રીમતી ગોસ્વામી યુએસએમાં સ્થાયી થયા, પરંતુ તેમણે તેમની ભારતીય સંસ્કૃતિ છોડી ન હતી !

ગોસ્વામી દંપતીને ૧૬ વર્ષનો પુત્ર અને ૧૩ વર્ષની પુત્રી હતી. શ્રીમતી ગોસ્વામી તેમના પુત્ર અને પુત્રી બંનેમાં ભારતીય મૂલ્યો સિંચવા માંગતા હતા. તેમણે એક વાર તેમના પુત્રને કેટલાક અમેરિકન મિત્રો સાથે સિગારેટ પીતા જોયો. જ્યારે તેમનો પુત્ર તે સાંજે ઘરે પાછો ફર્યો, ત્યારે શ્રીમતી ગોસ્વામીએ ભારતીય પરંપરાને અનુસરીને સાવરણી ઉપાડીને તેમના પુત્રને સુધારવાનું નક્કી કર્યું.

શ્રીમતી ગોસ્વામીએ તેમના પુત્રની પીઠ પર માંડ બે-ચાર સાવરણી ચોંટાડી ત્યાં તો તેમના પુત્રએ ૯૧૧ નંબર પર (યુએસએ પોલીસ) ફોન કર્યો.

પોલીસ ઝડપથી પહોંચી અને શ્રીમતી ગોસ્વામીને તેના પુત્ર પર હુમલો કરવા બદલ ધરપકડ કરી. એક અઠવાડિયા સુધી જેલમાં રાખ્યા.

શ્રીમતી ગોસ્વામી હાલમાં જામીન પર હતા, પરંતુ તેઓ પોતાના પુત્રને સુધારવા માટે કટીબદ્ધ હતા. તેમની મુક્તિ પછી, શ્રીમતી ગોસ્વામીએ તેમના પુત્રને પ્રેમથી સલાહ આપી, "ચાલ, તને ભારત ફરવા લઈ જઈએ. આપણે પુણેમાં દાદીના ઘરે જઈએ." પુત્ર સંમત થયો.

શ્રીમતી ગોસ્વામી મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી બહાર આવતાની સાથે જ, તેમણે તેમના ચંપલ ઉતાર્યા અને તેમના પુત્રને માર મારવા લાગ્યા, "ચટ

ચટ ચટ ચટ !.... શું તું સિગારેટ પીશ ?!

ફટાક ! ફટાક !!... હમણાં પોલીસને બોલાવો, ફટાક !"

દીકરાએ એરપોર્ટ નજીક ફરજ પરના એક પોલીસકર્મીને જોયો અને મદદ માટે બૂમ પાડી.

પોલીસકર્મીએ આવીને પૂછ્યું, "શું થયું, બહેન ?"

"અરે, આ મારો દિકરો ૧૬ વર્ષની ઉંમરે સિગારેટ પીવે છે અને આખો દિવસ તેના મિત્રો સાથે ફરે છે."

"તેને સારી રીતે માર માર, બહેન." આવી સલાહ આપીને પોલીસકર્મી ત્યાંથી ચાલ્યો ગયો.

અત્યાર સુધીમાં દીકરાને ખબર પડી ગઈ હતી કે માતા–પિતા દ્વારા દીકરાને માર મારવો એ ભારતીય સંસ્કૃતિનો ભાગ છે. તેથી, તેણે માફી માંગી અને ભવિષ્યમાં તે ધૂમ્રપાન નહીં કરે તેવું વચન આપ્યું.

શ્રીમતી ગોસ્વામીએ તેને ૧૦–૧૫ ચંપલ... અને એટલી જ ધોલ ધપાટ પણ આપી ચૂકયા હતા.

તેને થપ્પડ માર્યા પછી, તેણીએ તેના દીકરાને કડક અવાજે કહ્યું, "જા વોશરૂમમાં તારો ચહેરો ધોઈ લે અને ઝડપથી પાછો આવી જા. યુએસએ પાછા ફરવાનો સમય થઈ ગયો છે. આપણે બીજી વખત ભારત આવશું ત્યારે પુણેમાં દાદીમાના ઘરે જઈશું !" યુએસએ પાછા ફર્યા પછી, શ્રીમતી ગોસ્વામીએ એક ક્ન્સલ્ટન્સી સેન્ટર ખોલ્યું. હવે તે દીકરા–દીકરીઓને ભારતીય પરંપરાઓ અનુસાર કેવી રીતે સુધારવા તે અંગે સલાહ આપે છે. ભારતની મુલાકાતે આવતા અમેરિકન ભારતીયો ફક્ત ભારત પ્રત્યેના પ્રેમને કારણે આવતા નથી; તેઓ શ્રીમતી ગોસ્વામીની સલાહના આધારે પણ આવી રહ્યા હશે !

# વાચકોના પ્રતિભાવ

વાયડામિત્રનો દિપોત્સવી અંક ટપાલમાં આવતાંની સાથે એક બેઠકે વાંચી ગયો. મુખપૃષ્ઠ, અંકનો લે આઉટ, ડિઝાઈન ખૂબ જ સુંદર છે. અંક જોતાવેંત ગમી જાય તેવો છે.

જિંદગીએ મને શું શીખવ્યું ?–એ વિષય પર લેખો માહિતપ્રદ છે. વિવિધ દૃષ્ટિકોણથી લેખકોએ જિંદગીનું નિરૂપણ કર્યું છે. હિમાંશુભાઈ શાહનો લેખ 'આઈ લવ યુ જિંદગી' ખૂબ જ ગમ્યો. જો કે જિંદગી પરના લેખોમાં જનરલ માહિતી વધુ છે. આવા વિષયોનો સમાવેશ વાયડામિત્રના અન્ય અંકોમાં પણ કરવો જોઈએ.

આ ઉપરાંત વાર્તા, લેખો, કવિતાઓ પણ ખૂબ જ ગમ્યા જે ભોજનના રસથાળની જેમ વાચનસામગ્રીમાં વધારો કરે છે. આને કારણે દીપોત્સવી અંક સર્વગ્રાહી બની શક્યો છે.

વાયડામિત્ર ટીમને સુંદર અંક આપવા બદલ અભિનંદન. સર્વે જ્ઞાતિજનોને નૂતન વર્ષાભિનંદન.

**અમિત ગાંધી**

**મુંબઈ**

---

Vayadamitra Oct 25 Diwali Ank is really at its best with 216 pages, Very difficult to describe at length but some articles like Ilaben p shah's article heart touching, Pareshbhai Shah's sattire on Doctor Patient dialogues plus article 10 Ambika society is very funny. Other regular Writers too have contributed a lot. Congratulation to Editor Nishithbhai and team .

Bharatbhai Gandhi,

Vadodara

Nishithbhai and team,

My sincere compliments on bringing out yet another issue of July VM. I appreciate your efforts to cater highly informative and entertaining articles, news, quiz and coverages from the caste members residing pan world.

Best regards

Dhiren Parikh

---

Nishithbhai,

I really appreciate your article on Rani ni Vav. Though I belong to Patan, I don't know some information shared by you. I hope almost all members of Vayadamitra will be happy to read this nice article I am proud to be PATNI. Jay Shri krishna. Jay Mataji.

Bharat H gandhi,

Vadodara

---

આ વર્ષે પ્રકાશિત થયેલો "વાયડામિત્ર"નો દિપોત્સવી અંક ખરેખર પ્રશંસનીય છે. અંકમાં આપેલ વિવિધ જ્ઞાતિજનોની જાહેરાતો માત્ર એક સહકારનું જ પ્રતિનિધિત્વ નથી કરતી પરંતુ આપણી જ્ઞાતિની એકતાનું પ્રતિબિંબ પણ દર્શાવે છે.

વિશેષ રૂપે "જિંદગી એ મને શું શીખવ્યું" જેવા વિચારપ્રેરક વિષય પર દરેક જ્ઞાતિજનના અનુભવો વાંચવા મળ્યા – તે લેખો મનને સ્પર્શી જાય એવા અને જીવનમૂલ્યો સમજાવે છે. દરેક લેખકનો અભિગમ અલગ હોવા છતાં સૌમાં જીવન

પ્રત્યેની સમજ, સંવેદના અને પ્રેરણા સ્પષ્ટ રીતે ઝળકે છે.

પ્રેસિડેન્ટ શ્રી શશાંકભાઈ તથા પ્રેસિડેન્ટ શ્રી ધીરેનભાઈ દ્વારા લખાયેલ જ્ઞાતિજનોને સંબોધન પણ અત્યંત પ્રેરણાદાયી અને ઉર્જાભર્યું છે.

તેમના સંદેશામાં જ્ઞાતિપ્રેમ, એકતા અને ભવિષ્ય પ્રત્યેનો દૃઢ વિશ્વાસ પ્રતિબિંબિત થાય છે – જે દરેક જ્ઞાતિજનને નવી પ્રેરણા આપે છે.

વાયડામિત્રની સંપાદક મંડળી, એડિટરશ્રી નિશીથભાઈ, પ્રિન્ટર શ્રી જૈમિનભાઈ, શ્રી હિમાંશુભાઈ, શ્રી શ્રેણિકભાઈ અને શ્રી હર્ષભાઈ તેમજ સહયોગી સભ્યો અને તમામ લેખકો અભિનંદનને પાત્ર છે. તેઓએ આ દિપોત્સવી અંકને માત્ર એક પ્રકાશન નહીં પરંતુ વિચાર અને સંવાદનો ઉત્સવ બનાવી દીધો છે.

આવી જ રીતે આપણી જ્ઞાતિની પ્રતિભા, એકતા અને વિચારશક્તિ સતત વિકસતી રહે તેવી શુભેચ્છા સાથે ... દિવાળીના તેજસ્વી પ્રકાશ જેવી ઉજાસમય શુભેચ્છાઓ !

– વ્રજેશ પરીખ,

અમદાવાદ


**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ટ્રસ્ટ**

**ઈનામ વિતરણ સમારંભમાં આવેલ ભેટ**

| રૂપિયા | |
|---|---|
| ૫૧,૦૦૦–૦૦ | સ્વ. ગિરાબહેન મધુકરભાઈ શાહના સ્મરણાર્થે<br>હ. સુભાષભાઈ એમ. શાહ |
| ૧૧,૦૦૦–૦૦ | શ્રીમતી ઈલાબહેન ભાસ્કરભાઈ શાહ |
| ૫,૦૦૦–૦૦ | શ્રી અમૂલભાઈ નગીનદાસ શાહ |

– હેમલ વી. શાહ

# અન્નકૂટ મહોત્સવ







શ્રી વાયડ માતાની અસીમકૃપાથી, આપણા કુળદેવતા શ્રી વાયુનારાયણ દેવના બાજવાડા, વડોદરા ખાતે આવેલ મંદિરે, સંવત ૨૦૮૨ના નવા વર્ષના શુભ આરંભે તા. ૨૧-૧૦-૨૦૨૫ મંગળવારના રોજ આયોજિત અન્નકૂટ મહોત્સવ ખૂબ જ સારી રીતે સંપન્ન થયો.

મંગળ કાર્યની સાક્ષી પૂરતા આસોપાલવના તોરણ અને ગોટાના ફૂલોની સેરથી નીજ મંદિરના દ્વાર તથા મંદિરના દરવાજા સજાવવામાં આવ્યા હતા, સુંદર જરીના વસ્ત્રોની પિછવાઈ અને ખંડપાટ તથા કુળદેવતા અને બન્ને લોકમાતાના શૃંગાર અદભૂત થયાં હતાં, શ્રી વાયુ નારાયણદેવ અને બન્ને લોકમાતાના મુખારવિંદ ઉપર હાસ્ય અને ચમક હતી તેઓની અમી દૃષ્ટિ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોને નવા વર્ષના અવસરે શુભેચ્છા અને સુભાશિષ પાઠવતા હતા.

ગોરાણી શ્રીમતી રંજનબેન દવે દ્વારા ચાર દિવસની મહેનતથી તૈયાર કરવામાં આવેલ વિવિધ સામગ્રી (મીઠાઈઓ) અને વહેલી સવારથી તૈયાર કરવામાં આવેલ અન્ન સખડી પ્રસાદી કુળદેવતા સન્મુખ ધરાવવામાં આવેલા.

મોટી સંખ્યામાં ઉપસ્થિત વાયડા જ્ઞાતિજનો દ્વારા સાંજે ૭ કલાકે આરતી થઈ. શ્રી વાયડ માતાજીના જયઘોષ સાથે કુળદેવતાના પણ જયઘોષ કરી, હાજર રહેલા સૌએ નવુ વર્ષ મંગલમય બને તેવી પ્રાર્થના કરી તેઓના આશીર્વાદ મેળવ્યા. ઘણાં જ્ઞાતિજનોએ અન્ન સખડી પ્રસાદી મેળવી, કુટુંબીજનો સાથે ઘરમાં બેસી આરોગી પરમ સંતોષ મેળવ્યો. મંદિરમાં જ સિદ્ધ થયેલી સખડી પ્રસાદીનો સ્વાદ પણ કાંઈક અલગ જ હતો.

રાત્રે સૌ એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવતા પ્રફુલ્લિત થઈ સસ્મીત વિખરાયા.

બે દિવસ બાદ, બનાવેલ સામગ્રીના બોક્ષ બનાવવાની કામગીરી શ્રી કૌશીકભાઈ દેસાઈ, શ્રી ગોપાલભાઈ શાહ, શ્રી મયંકભાઈ શાહ સૌએ ભેગા મળી સુપેરે સંભાળી લીધી હતી.

ચિત્રાબેન પરેશ કિનખાબવાળા (મુંબઈ) તરફથી ખાસ અન્નકૂટ માટે કેસર પધરાવવામાં આવેલ હતું જેનો સામગ્રી બનાવવામાં ઉપયોગ કરવામાં આવેલ. તેઓના ખૂબ ખૂબ આભાર સાથે નવું વર્ષ સૌ જ્ઞાતિજનો માટે મંગલમય અને સુખમય બને તેવી પ્રાર્થના સાથે સૌને જયશ્રીકૃષ્ણ.

**– શ્રી વાયુદેવતા મંદિર**

બાજવાડા, વડોદરા

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ**

**શ્રી વાયુદેવતા મંદિર**

**રૂપિયા**

૫,૦૦૦-૦૦ શ્રી સુભાષભાઈ મધુકરભાઈ શાહ તરફથી ઘીની સેવામાં ભેટ મળેલ છે.

**– કિરણ એન. શાહ**

# શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ ટ્રસ્ટ

## નવરાત્રિ મહોત્સવ

| તારીખ | વાર | તિથિ | નામ | આરતી | ફૂલ-હાર | કુલ રકમ |
|---|---|---|---|---|---|---|
| ૨૨-૯-૨૫ | સોમવાર | એકમ | ઉમાકાંતભાઈ જે. પરીખ | ૪૧૦૦ | ૨૦૦ | ૪૩૦૦ |
| ૨૩-૯-૨૫ | મંગળવાર | બીજ | શોભનાબેન એન. શાહ | ૨૫૦૦ | ૨૦૦ | ૨૭૦૦ |
| ૨૪-૯-૨૫ | બુધવાર | ત્રીજ | દેવાંગભાઈ જે. શાહ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| ૨૫-૯-૨૫ | ગુરુવાર | ત્રીજ | રમેન્દ્રભાઈ જે. પરીખ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| ૨૬-૯-૨૫ | શુક્રવાર | ચોથ | હેમંતભાઈ જે. શાહ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| ૨૭-૯-૨૫ | શનિવાર | પાંચમ | સૌરભભાઈ જે. શાહ | ૧૭૦૦ | ૨૦૦ | ૧૯૦૦ |
| ૨૮-૯-૨૫ | રવિવાર | છઠ્ઠ | ડાહ્યાભાઈ સી. ચોક્સી | ૩૫૦૦ | ૨૦૦ | ૩૭૦૦ |
| ૨૯-૯-૨૫ | સોમવાર | સાતમ | હરીશભાઈ એન. શાહ | ૧૫૦૦ | ૨૦૦ | ૧૭૦૦ |
| ૩૦-૯-૨૫ | મંગળવાર | આઠમ | ભરતભાઈ સી. પરીખ | ૩૫૦૦ | ૨૦૦ | ૩૭૦૦ |
| ૧-૧૦-૨૫ | બુધવાર | નોમ | હરીવદનભાઈ મહેતા | ૧૫૦૦ | ૨૦૦ | ૧૭૦૦ |
| ૨-૧૦-૨૫ | ગુરુવાર | દશેરા | મેહુલભાઈ એસ. શાહ | ૨૦૦૦ | ૨૦૦ | ૨૨૦૦ |
| ૩-૧૦-૨૫ | શુક્રવાર | અગિયારસ | દીક્ષિતભાઈ બી. શાહ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| ૪-૧૦-૨૫ | શનિવાર | બારસ | હેમલભાઈ વી. શાહ | ૧૧૦૦ | ૨૦૦ | ૧૩૦૦ |
| ૫-૧૦-૨૫ | રવિવાર | તેરસ | નાનુભાઈ એન. શાહ | ૧૫૦૦ | ૨૦૦ | ૧૭૦૦ |
| ૬-૧૦-૨૫ | સોમવાર | ચૌદસ | વિરાજ એન.શાહ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| ૭-૧૦-૨૫ | મંગળવાર | પૂનમ | નરેશભાઈ આર. શાહ | ૧૦૦૦ | ૨૦૦ | ૧૨૦૦ |
| | | | | | કુલ રકમ | ૩૨,૧૦૦ |

**- નાનુભાઈ એન. શાહ**

# શ્રી અમદાવાદ દશા વાયડા વણિક મહિલા મંડળ

## અહેવાલ

મા આદ્યશક્તિની ઉપાસનાનો તહેવાર એટલે નવરાત્રિ. ગરબે ઘૂમીને માતાજીના ગરબા ગાઈને ઊજવવાનો આ ઉત્સવ. મહિલા મંડળ દર વર્ષે નવરાત્રિમાં એક દિવસ ગરબાનો કાર્યક્રમ રાખે જ છે. આ વર્ષે આ કાર્યક્રમ તા. ૬-૧૦-૨૦૨૫ને સોમવારના રોજ વાયુદેવતા હોલમાં યોજવામાં આવ્યો હતો. નીતાબેન - લીનાબેન દ્વારા હોલમાં વચ્ચે ફૂલોથી ખૂબ જ સુંદર સજાવટ કરવામાં આવી હતી. સહુએ આ સુંદર સુશોભનને વખાણ્યું હતું.

રાબેતા મુજબ યમુનાષ્ટકનો પાઠ કરી ગરબા ગાવાની શરૂઆત કરી. બધાં સભ્યો senior citizen હોવા છતાં ગરબા ગાવા ઉત્સાહિત હતા. હંમેશ મુજબ મા વાયડમાના ગરબાથી શરૂઆત કરી પછી તો એક પછી એક પ્રાચીન - અર્વાચીન ગરબાઓ ભાવનાબેન - નાતાબેન - શોભનાબેન - લીનાબેન દ્વારા ગવડાવવામાં આવ્યા હતા. મન તો ગરબા ગાવા તૈયાર હતું પણ બધા seniors હોવાને કારણે ગોળ ફરતાં બેસી ગયાં. બીજાં ઘણાં ગરબાઓ યાદ કરીને ગાયા જેમાં જયદેવીબેન - રશ્મિબેન - હેમાલીબેન - રંજનબેન તથા અન્ય બેનોએ પણ ગવડાવ્યા.

આમ તો હજુ પણ ગાવા માટે બધાં ઉત્સાહિત હતા એટલામાં કાળા ડીબાગ વાદળો એ વાતાવરણને વરસાદી બનાવી દીધું. તેથી કાર્યક્રમ પૂરો કરવો પડ્યો.

મંડળના સેક્રેટરી લીનાબેન શાહે ૭૫ વર્ષ પૂર્ણ કર્યા તે નિમિત્તે તેમણે બધાંને ફાફડા-જલેબીનો નાસ્તો કરાવ્યો. બધાંએ તેમને જન્મદિનની શુભેચ્છા પાઠવી અને પ્રમુખે તેમનો આભાર માન્યો.

મંડળને આ કાર્યક્રમમાં નીચે મુજબ ભેટ મળી. જેને બધાંએ તાળીઓથી વધાવી લીધી. પ્રમુખે તેમનો તથા અત્રે આવેલા સર્વ સભ્યોનો કાર્યક્રમને માણવા

અને સફળ બનાવવા બદલ આભાર માન્યો.

૪૦૦૦ રૂ. લીનાબેન શાહ તરફથી ફાફડા જલેબીના નાસ્તા માટે

૧૫૦૦ રૂ. જયદેવીબેન પરીખના પૌત્ર શૈલ રક્ષિતભાઈ પરીખને ત્યાં પુત્રના જન્મ નિમિત્તે.

૧૦૦૦ રૂ. માલાબેન અનિલભાઈ શાહ તરફથી તેમના પુત્ર આલાપને ત્યાં પુત્રીના જન્મ નિમિત્તે

અંતે જયશ્રીકૃષ્ણ કહી સહુ છૂટા પડ્યા.

જયશ્રીબેન શાહ
પ્રમુખ

લીનાબેન શાહ
સેક્રેટરી

## વાયડામિત્રનાં આજીવન સભ્યો જોગ

વાયડામિત્રનાં પેટ્રન, લાઈફ મેમ્બરનાં મોબાઈલ નંબર એકત્ર કરવાની કામગીરી કેટલાંક સમયથી ચાલી રહી છે. ઘણા બધા મેમબર્સનાં મોબાઈલ નંબર મેળવ્યા છે. એડ્રેસમાં સામેલ કર્યા છે. સૌને વિનંતી છે કે આપે આપનો વાયડામિત્રનો અંક જોઈ લેવો. તેમાં આપના એડ્રેસની સાથે મોબાઈલ નંબરની પણ વિગત હશે. જે મેમ્બરનાં પોતાના એડ્રેસ સાથે મોબાઈલ નંબર લખેલો ન હોય અથવા લખેલો નંબર બદલાવવો હોય તો તરતજ વ્યવસ્થાપક શ્રી હર્ષ પરીખ (મો ૯૪૨૭૯ ૫૪૯૬૮)નો સંપર્ક કરી તમારા એડ્રેસ સાથે મોબાઈલ નંબર જણાવશો જેથી આપનો મોબાઈલ નંબર એડ્રેસ સાથે દર્શાવી શકાય.

– તંત્રી

# શ્રી પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ

## શ્રીનાથદ્વારા-કાંકરોલી અલૌકિક યાત્રા પ્રવાસ



શ્રી પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિની કારોબારી મીટીંગમાં જ્ઞાતિબંધુઓ સાથે સ્થાનિક ઉજાણી કરવાનું નક્કી થયું, પરંતુ અતિશય વરસાદનાં કારણે તે ઉજાણી શક્ય ન બનતાં ફરી જ્ઞાતિની મીટીંગ બોલાવી નવીન આયોજન કરવાનું નક્કી કર્યું. ઘણા બધા વિકલ્પો હતાં પરંતુ તેમાંથી ડૉ. રોહિતભાઈનું સૂચન હતું કે આ વખતે નાથદ્વારા ધ્વારા જવાનું આયોજન કરવું જોઈએ. તે સૂચનને બધા હાજર સભ્યોએ તરત જ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. જ્ઞાતિજનોનાં સહવાસમાં જ્ઞાતિ તરફથી નાથધ્વારાનું આયોજન થાય તો કોણ બીજા વિકલ્પ ઉપર વિચાર કરે ?

સૌએ સહમતિ દર્શાવી અને નાથદ્વારા ના અલૌકિક પ્રવાસનું આયોજન થયું.

સિંહાડમાં એક સુંદર મંદિરનું નિર્માણ થયું. ૧૦ ફેબ્રુઆરી, ૧૬૭૨ના શુભ દિવસે આ મંદિરમાં પ્રભુની સ્થાપના કરવામાં આવી. આ ગામને નાથદ્વારા (ભગવાનનું ઘર)થી ઓળખાવા લાગ્યું. આ સુંદર મંદિરનું નિર્માણ રાજસ્થાન

રાજમહેલ શૈલીમાં થયું. આ મંદિર ખૂબ જ ભવ્ય અને મનમોહક છે, તે આપણે સૌ જાણીએ છીએ.

જ્ઞાતિબંધુઓ તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ને શુક્રવારે રાત્રે અમદાવાદ, પાટણ, વડોદરા અને ગાંધીનગરથી નીકળી ૨૦-સપ્ટેમ્બરની વહેલી સવારે નાથદ્વારા પહોચ્યા. આ યાત્રામાં પાટણથી ૨૧, અમદાવાદથી ૧૫, ગાંધીનગરથી ૪ તેમજ વડોદરાથી ૫ એમ કુલ ૪૫ જ્ઞાતિબંધુઓ નાથદ્વારા પ્રવાસમાં જોડાયા. આ આયોજનનો લાભ ૧૮ વર્ષથી ૭૫ વર્ષનાં જ્ઞાતિબંધુઓએ ઉત્સાહથી લીધો.

સૌ જ્ઞાતિજનો માટે રહેવા-જમવાની વ્યવસ્થા શ્રી ખડાયતા ભુવનમાં કરવામાં આવી. ખડાયતા ભુવનમાં શુધ્ધ, સાત્વિક, સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણ્યો. આ સુંદર આયોજન માટે જ્ઞાતિના સભ્યોએ પ્રવાસ અગાઉ સૌના રહેવા-જમવાની સુંદર વ્યવસ્થા કરી.

તા. ૨૦ સપ્ટેમ્બરને સાંજે સૌ કાંકરોલી જવા નીકળ્યા. કાંકરોલીમાં સૌ ભક્તજનોએ ભક્તિભાવથી અલૌકિક દર્શનનો લાભ લીધો. તા. ૨૧ સપ્ટેમ્બર સાંજે સૌ શ્રીનાથધ્વારાથી પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા અગાઉ ખરીદીનો આનંદ લીધો. ખાસ કરીને પોતાને ત્યાં પધરાવેલ ઠાકોરજીનાં વિવિધ વસ્ત્રો, આભૂષણો, સિંહાસન, ગદલ વગેરેની ખરીદી કરી. બંને દિવસોએ સૌ જ્ઞાતિજનોએ આઠે સમાના દર્શન કરી અભિભૂત થયા.

શ્રી નાથદ્વારામાં સૌ જ્ઞાતિજનોને રહેવા જમવાની તથા નાસ્તાની વ્યવસ્થા પાટણ જ્ઞાતિ તરફથી કરવામાં આવી હતી. આ આયોજનમાં મુખ્યત્વે શ્રી હરેશભાઈ એમ. પરીખ, શ્રી તુષારભાઈ જે. શાહ, શ્રી અજયભાઈ એ. પરીખ, તેમજ શ્રી શરદભાઈ જે. પરીખે જવાબદારી સુપેરે નીભાવી. દરેક જ્ઞાતિજનની સુખ-સુવિધાનો પૂરતો ખ્યાલ રાખ્યો. આવેલ સૌએ તેમની સેવાભાવનાને બીરદાવી.

અવાર-નવાર જ્ઞાતિ તરફથી આવા સુંદર આયોજન થાય તેવી આશા-સાથે સૌને જયશ્રીકૃષ્ણ કરી સૌ છુટા પડ્યા.

– પ્રમુખશ્રી
પાટણ દ.વા.વ.જ્ઞાતિ

## MOBILE APPLICATION DEVELOPMENT
## DONOR LIST TILL 22/09/2025

| Sr no. | Name | Amount(Rs) |
|---|---|---|
| 1 | DHIRENDRABHAI KANTILAL PARIKH | 1,11,000 |
| 2 | VRAJESHBHAI NAVINCHANDRA PARIKH | 11000 |
| 3 | JITENDRABHAI BHOGILAL SHAH | 10000 |
| 4 | SHARADBHAI JASVANTLAL PARIKH | 5000 |
| 5 | ASHOKBHAI HASMUKHLAL SHAH | 5000 |
| 6 | SHARADBHAI PURUSHOTTAMDAS SHAH | 5000 |
| 7 | KIRANBHAI SAKARLAL SHAH | 5000 |
| 8 | Dr. PIYUSHBHAI NANDLAL PARIKH | 3001 |
| 9 | HIMANSHUBHAI GUNVANTLAL SHAH | 3000 |
| 10 | RAJENDRABHAI SHANTILAL SHAH | 2501 |
| 11 | SHRENIKBHAI NAVINCHANDRA PARIKH | 2500 |
| 12 | KETANBHAI RAMESHCHANDRA SHAH | 2500 |
| 13 | NISHITHBHAI ARVINDBHAI PARIKH | 2500 |
| 14 | DEEPAKBHAI MAHENDRABHAI SHAH | 2500 |
| 15 | ASHWINBHAI RATILAL SHAH | 2500 |
| 16 | PRAVINBHAI HARIDAS SHAH | 2000 |
| 17 | HARISHBHAI JAYANTILAL SHAH | 2000 |
| 18 | GAUTAMBHAI JIVANLAL SHAH | 1501 |
| 19 | KETANBHAI VINODCHANDRA PARIKH | 1000 |
| 20 | RAJENDRABHAI KANTILAL SHAH | 1000 |

- Vyvasthapak

### વાયડા વણિક શ્રી વાયડ સંસ્થાન

પંચાલ ભાઈઓ તરફથી દર વર્ષે વાયડમાં કારતક સુદ પૂનમે અન્નકૂટના દર્શન થાય છે. આ વર્ષે અનિવાર્ય સંજોગોને કારણે માગશર સુદ પૂનમ તા. ૪-૧૨-૨૦૨૫ ગુરુવારના રોજ થશે, જેનો લાભ લેવા આમંત્રણ છે.

– અજય પરીખ મંત્રી

## આભાર

શ્રી સતીષભાઈ ચિમનલાલ દલાલ, મુંબઈ દ્વારા તેમના ૮૬મા જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટને રૂ. ૫૧,૦૦૦/- નું અનુદાન વિદ્યા સહાય(એજ્યુકેશન) માટે મોકલી આપેલ છે. શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તેમની જ્ઞાતિ પ્રત્યેની શુભ ભાવના બદલ આભાર વ્યક્ત કરે છે.

---

શ્રી ગૌતમભાઈ જીવણલાલ શાહ, અમદાવાદ તરફથી શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટને તબીબી સહાય માટે (મેડિકલ હેલ્પ) રૂ. ૩૦,૦૦૧/-નું દાન મળેલ છે. શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તેમની જ્ઞાતિ પ્રત્યેની અનન્ય લાગણી બદલ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

## જ્ઞાતિના મંડળોના હોદ્દેદારો જોગ

સામાન્ય રીતે આપણી જ્ઞાતિના અલગ અલગ શહેરોના મંડળોના પ્રતિનીધીઓ / હોદ્દેદારો તરફથી મળેલ તેમના મંડળોની કામગીરીનો અહેવાલ વાયડામિત્રમાં પ્રસિધ્ધ કરીએ છીએ.

હવેથી, મંડળો દ્વારા યોજાયેલ હવન, અન્નકૂટ, મેળાવડાઓ, પ્રવાસ કાર્યક્રમોના અહેવાલો સાથે જે તે કાર્યક્રમના ફોટા પણ પ્રકાશિત કરવાનું નક્કી કર્યું છે જેથી દરેક મંડળોના આગેવાનો/હોદ્દેદારોને વિનંતી છે કે તેમના કાર્યક્રમના અહેવાલ સાથે ફોટા પણ મોકલી આપે જેથી અહેવાલ સાથે પ્રકાશિત કરી શકાય.

**-તંત્રી**

# શબ્દવ્યૂહ ૧૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | ૮ | | | | ■ | |
| ૯ | | ૧૦ | | ■ | ૧૧ | | | ■ |
| | ■ | | ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ |
| ■ | ૧૪ | | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | | |
| ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | | | ■ | ■ |
| | ■ | ૨૫ | | | ■ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | | | ■ | ૩૦ | | ■ | ૩૧ | |

**આડીચાવી :** (૧) મજબૂત, લઠ–૪ (૪) જાગરણ–૪ (૭) લખાણ, ટૂંકો નિબંધ–૨ (૮) નરક; દોજખ – ૪ (૯) આક્રંદ; કલ્પાંત–૪ (૧૧) ખૂબ જાડું; હૃષ્ટપુષ્ટ–૩ (૧૪) ઠેર ઠેર; જ્યાં ત્યાં – ૫ (૧૭) આનંદ; મરજી–૨ (૧૯) ધૂંસરી, કામ જવાબદારીનો બોજો કે આગેવાની–૨ (૨૦) ભલામણ–૪ (૨૨) જીવ વિનાનું; સ્થૂળ–૨ (૨૩) ફાયદો; લાભ; ફતેહ; સિદ્ધિ–૪ (૨૫) એક પંખી, કમળ–૩ (૩૦) બુદ્ધિ–૨ (૩૧) ચતુર; પ્રવીણ–૨

**ઊભીચાવી :** (૧) શરીર; ખોળિયું–૪ (૨) દૃષ્ટાંત; ઉદાહરણ–૩ (૩) રૂપુ–૩ (૪) ઊંચું; ટટ્ટાર–૩ (૫) બંદૂક કે તોપના દારૂને સળગાવવા માટેની

કાકડી-૪ (૬) બગાડ; વિકાર; વ્યાધિ-૨ (૧૦) કુશળ-૪ (૧૨) અવાજ; ઘાંટો; બૂમ-૨ (૧૩) પ્રકાશ; તેજ-૩ (૧૫) સમાન; સરખું-૪ (૧૬) રસપૂર્ણ ભાવુક-૩ (૧૭) એક પક્ષી; મયૂર-૨ (૧૮) ધર્મ; પંથ-૪ (૨૧) હીજડો; ભવૈયો-૩ (૨૪) રીત; રિવાજ-૩ (૨૫) તદ્દન; બિલકુલ-૨ (૨૭) ખરાબ; હીન-૨ (૨૮) લૂખું; શુષ્ક-૨

## શબ્દવ્યૂહ ૧૩ ના જવાબો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સ્થ | ગિ | ત | | ખ | બ | ર | દા | ર | |
| | ર | જ | ત | | ખ | ણ | | મા | લ |
| ન | દી | | ર | મ | ત | | વા | | લા |
| ખ | | કા | જુ | | ર | ઝ | ળ | પા | ટ |
| શિ | ર | | મો | હ | | ટ | | ન | |
| ખ | ત | રો | | ત્યા | ગ | | પ્ર | ખ | ર |
| | ન | જ | ર | | ભા | | હા | ર | |
| રૂ | | ની | | અ | ણ | વ | ર | | બા |
| આ | ધા | શી | શી | | | લ | | પ | રી |
| બ | ર | | ખ | લ | ના | ય | ક | | ક |

**પરિણામ :**

**ઘણા ખરા :** (૧) માધવી એન. પરીખ અમદાવાદ (૨) દિપકભાઈ દલાલ મુંબઈ (૩) આરતી મોદી અમદાવાદ (૪) સ્મૃતિ આર શાહ અમદાવાદ (૫) પ્રેરણાબેન કે. પરીખ મુંબઈ (૬) હરેશ એમ. પરીખ પાટણ (૭) આશા એ. શાહ ભૂજ (૮) અરૂણા એન. મહેતા અમદાવાદ (૯) અશોકભાઈ આર. પરીખ પાટણ (૧૦) કિર્તીબેન કે. શાહ વડોદરા (૧૧) વર્ષાબેન એન. ચોક્સી અમદાવાદ

**૧ ભૂલ :** (૧) સુધાબેન આર. શાહ અમદાવાદ (૨) ભારતી ડી. શાહ મુંબઈ

**૨ ભૂલ :** (૧) મધુરી કિનખાબવાલા અમદાવાદ (૨) જયશીલ મારફતિયા મુંબઈ (૩) ગીતાબેન પી. શાહ અમદાવાદ (૪) હેતલ એ. પરીખ અમદાવાદ

**૩ ભૂલ :** (૧) પ્રમોદભાઈ આર. પરીખ અમદાવાદ(૨) નવીનચંદ્ર ડી. ગાંધી ભરૂચ (વડોદરા) (૩) પ્રીતિ પી. શાહ ભૂજ (૪) દર્શના એ. શાહ અમદાવાદ

**નોંધ :** જવાબો ૨૫ તારીખ સુધીમાં શ્રી સુધીરભાઈ પી. શાહને (મો) ૯૭૨૬૦૪૦૨૬૨ પર મોકલી આપવા.

**– સુધીરભાઈ પી. શાહ**

મહેસાણા

## લગ્ન વિષયક

જન્મ તારીખ : ૧૦-૮-૧૯૯૯

ઉંમર : ૨૬ વર્ષ

ઉંચાઈ : ૫''૧'

અભ્યાસ : M. B. A. (Finance)

વ્યવસાય : Mumbai Axis Bank (AMC) Unit માં નોકરી કરતી યુવતી માટે સુયોગ્ય પાત્ર ધરાવતા યુવકના વાલી તરફથી સંપર્ક કરવા વિનંતી

સંપર્ક : ચેતન હાટડીયા, સુરત મો. ૯૯૯૮૯ ૭૪૩૮૬

# જ્ઞાતિ સમાચાર

સમાચાર-સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ, દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

૪.) શ્રધ્ધાંજલિ અને જા.ખ **ફક્ત વ્યવસ્થાપકશ્રીને** જ મોકલવા.

## શ્રદ્ધાંજલિ

*નીચે દર્શાવેલા જ્ઞાતિજનોનું દુઃખદ અવસાન થયેલ છે. 'શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ' તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. શ્રીજીબાવા તેમના આત્માને પરમ શાંતી આપે તથા કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના*

**કડી :** ગં.સ્વ. માલતીબેન રમેશચંદ્ર પરીખ
ઉ.વ. ૮૬ તા. ૧૪-૯-૨૦૨૫નાં રોજી શ્રીજીચરણ પામ્યાં છે.

**પાટણ :** ભદ્રાબેન શાહ (ડૉ. રોહિતભાઈ જે. શાહના ધર્મપત્ની)
તા. ૧૧-૧-૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ પામ્યાં છે.

**અમદાવાદ :** કુ. માલતીબેન નટવરલાલ મોદી, ઉ.વ. ૮૮, તા. ૩-૧૧-૨૦૨૫ ના રોજી શ્રીજીચરણ પામ્યાં છે.

**અમદાવાદ :** સુધાબેન (સંયુક્તાબેન) રાજેશભાઈ શાહ, ઉ.વ. ૭૬, તા. ૧-૧૧-૨૦૨૫ના રોજી શ્રીજીચરણ પામ્યાં છે.

***

# સ્મરણાંજલિ



**સ્વ. ઉમેશભાઈ નગીનદાસ શાહ**

**જન્મ : તા. ૪-૯-૧૯૫૦ શ્રીજીચરણ : તા. ૩-૮-૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાંતિ અર્પે એ જ અમારા
કુટુંબીજનોની પ્રાર્થના

મીનાબહેન ઉમેશભાઈ શાહ
પલ્લવીબહેન ચંદ્રિલભાઈ શાહ

દર્શનાબહેન અમૂલભાઈ શાહ — અમૂલભાઈ નગીનદાસ શાહ
સરલાબહેન વિજેશભાઈ શાહ — વિજેશભાઈ(નાનુભાઈ) નગીનદાસ શાહ
કલ્પનાબહેન કિરણભાઈ શાહ — કિરણભાઈ નગીનદાસ શાહ
ગીતાબહેન જયેશભાઈ શાહ — જયેશભાઈ નગીનદાસ શાહ

જય - આનલ, નિક્કી - અજયભાઈ, પંક્તિ - વૈશાલી, અલ્પા - પરાગભાઈ, સૌમિલ - રીંકલ, મેઘના - ચિંતનભાઈ, હેમલ - મિત્તલ, રોમા - ચિન્મયભાઈ, દિશીલ - નિશિદા, સ્મિત - કૃતિ, આયુષ

દશ્યા - સાન્વી - યશ્વી - યશ - વિવાન - માનીલ - કાવ્યા - રીતિ - પુષ્ટિ - વેદાંશ - જહાન - ચિત્રાંગી

જય શ્રી કૃષ્ણ

*Best Wishes From*



# Shri Jethalal Acharatal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House,** Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

**JARUN Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296 પ્રકાશન ૧૦/૧૧/૨૦૨૫



# ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

## તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,

અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

PRINTED BOOK November 2025

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh